# President of India addresses Indian Community and Friends of India in Bangladesh on the concluding day of his visit to the Country

December 17, 2021

# ભારતના રાષ્ટ્રપતિએ બાંગ્લાદેશની મુલાકાતના અંતિમ દિવસે ભારતીય સમુદાય અને ભારતના મિત્રોને સંબોધન કર્યું

ડિસેમ્બર 17, 2021

ભારતના રાષ્ટ્રપતિ શ્રી રામ નાથ કોવિંદે બાંગ્લાદેશની મુલાકાતના અંતિમ દિવસે (17 ડિસેમ્બર, 2021) ઢાકામાં ભારતીય સમુદાય અને ફ્રેન્ડ્સ ઑફ ઈન્ડિયાના રિસેપ્શનમાં હાજરી આપી હતી, જેનું આયોજન બાંગ્લાદેશ ખાતે ભારતના હાઈ કમિશનર શ્રી વિક્રમ કે દોરાઈસ્વામી દ્વારા કરવામાં આવ્યું હતું.

રાષ્ટ્રપતિએ સભાને સંબોધતા કહ્યું કે આ બેઠક પહેલા તેમને ઢાકામાં જીર્ણોદ્ધાર કરવામાં આવેલા ઐતિહાસિક એવા રામના કાલી મંદિરનું ઉદ્ઘાટન કરવાનું સૌભાગ્ય મળ્યું હતું. તેમણે નોંધ્યું હતું કે બાંગ્લાદેશ અને ભારતની સરકારો અને લોકોએ મુક્તિ યુદ્ધ દરમિયાન પાકિસ્તાની દળો દ્વારા તોડી પાડવામાં આવેલા મંદિરને પુનઃસ્થાપિત કરવામાં મદદ કરી હતી. કબ્જો કરનારા દળો દ્વારા મોટી સંખ્યામાં લોકો માર્યા ગયા હતા. તેમણે કહ્યું કે આ મંદિર ભારત અને બાંગ્લાદેશના લોકો વચ્ચે આધ્યાત્મિક અને સાંસ્કૃતિક જોડાણના પ્રતિક સમાન છે.

રાષ્ટ્રપતિએ કહ્યું કે ભારતીયોના હૃદયમાં બાંગ્લાદેશનું વિશેષ સ્થાન છે. આપણો સંબંધ  સહિયારી ભાષા અને સંસ્કૃતિના વર્ષો જૂના સંબંધો પર આધારિત અનન્ય રીતે બંધાયેલો ગાઢ સંબંધ છે. આપણા સંબંધો બંને દેશોના સમજદાર નેતૃત્વ દ્વારા પોષાયા છે.

રાષ્ટ્રપતિએ કહ્યું કે બાંગ્લાદેશના પ્રગતિશીલ, સર્વસમાવેશક, લોકતાંત્રિક અને સુમેળભર્યા સમાજના પાયાના મૂલ્યોને જાળવી રાખવામાં વડા પ્રધાન શેખ હસીનાનું મુખ્ય યોગદાન છે. તેમણે એ બાબતની ખાતરી આપી હતી કે ભારત એવા બાંગ્લાદેશના સમર્થનમાં ઊભું રહેશે જે આ દેશની મુક્તિ ચળવળમાંથી ઉદભવતા મૂલ્યોને મૂર્તિમંત કરે છે.

રાષ્ટ્રપતિએ એ બાબતની આનંદપૂર્વક નોંધ કરી હતી કે બંને દેશોના નેતૃત્વ એ વાતથી વાકેફ છે કે આપણા વિકાસના માર્ગો એકબીજા સાથે જોડાયેલા છે અને સંસાધનો અને અનુભવોની વહેંચણી એ ટકાઉ વિકાસ માટે અનિવાર્ય છે. તેમણે ખુશી સાથે એ બાબતની નોંધ કરી હતી કે અમારા બંને પક્ષોએ અમારી વૃદ્ધિને સમાવિષ્ટ, ટકાઉ અને પર્યાવરણને અનુકૂળ બનાવવા માટે મજબૂત પ્રતિબદ્ધતાઓ દર્શાવી છે. તેમણે કહ્યું કે તેઓ ગ્રીન એનર્જી અને ક્લીન ટેક્નોલોજીના ક્ષેત્રોમાં સહયોગને વધુ મજબૂત બનાવવાની વિશાળ સંભાવના જુએ છે.

રાષ્ટ્રપતિએ કહ્યું કે ભૂટાન અને નેપાળ સાથે પણ જમીની સરહદો ધરાવતા દેશ તરીકે ભારત એ હકીકતથી વાકેફ

છે કે એક સારી રીતે જોડાયેલ અને વધુ સારી રીતે સંકલિત પેટા પ્રદેશ આપણા લોકો માટે જીવનધોરણનું સારું સ્તર હાંસલ કરવા અને તેમની વિકાસલક્ષી આકાંક્ષાઓને પહોંચી વળવા માટે મહત્વપૂર્ણ છે. આ અંગે ભારત વધુ સમૃદ્ધિ તરફ આગળ વધતાં બાંગ્લાદેશ સાથે ભાગીદારી કરીને મજબૂત અર્થતંત્ર તરફની તેની સફરમાં બાંગ્લાદેશને મદદ કરવા માટે પ્રતિબદ્ધ છે. તેમણે બંને બાજુના વ્યાપારી સમુદાયોને ખાસ કરીને બાંગ્લાદેશ અને ભારતના ઉત્તર પૂર્વીય ક્ષેત્ર વચ્ચે વેપાર અને આર્થિક જોડાણોને નવી ઊંચાઈઓ પર વધારવા માટે આ તકનો લાભ લેવા વિનંતી કરી હતી.

બાંગ્લાદેશમાં વસતા ભારતીય સમુદાયની પ્રશંસા કરતા રાષ્ટ્રપતિએ કહ્યું કે તેમણે બાંગ્લાદેશમાં મહત્વના વિવિધ ક્ષેત્રોમાં પોતાની ઓળખ બનાવી છે. તેમણે બાંગ્લાદેશના આર્થિક અને સામાજિક વિકાસમાં યોગદાન આપ્યું છે, ત્યારે તેની સાથે સાથે ભારત-બાંગ્લાદેશના લાંબા સમયથી ચાલતા, ગાઢ દ્વિપક્ષીય સંબંધોને પણ મજબૂત બનાવ્યા છે. તેમણે કહ્યું કે ભારતીય સમુદાય આપણા ક્ષેત્રમાં સમૃદ્ધિ લાવીને ભારતને ગૌરવ અપાવી રહ્યો છે. આમ કરતી વખતે તેમણે આપણા દેશના મૂલ્યો અને પરંપરાઓનું પણ પાલન કર્યું છે, જે બાંગ્લાદેશ સાથેના આપણા સહિયારા વારસાનો પણ એક ભાગ છે.

રાષ્ટ્રપતિએ કહ્યું કે વિશ્વના તમામ ભાગોમાં ભારતીય નાગરિકોની સુરક્ષા, સલામતી, કલ્યાણ અને સુખાકારી એ અમારી સરકારની પ્રાથમિકતા છે. વિશ્વના દરેક ખૂણામાં, છેલ્લા દોઢ વર્ષમાં સરકારે કોવિડ-19 રોગચાળાના સૌથી ખરાબ તબક્કા દરમિયાન આપણા નાગરિકોને ઘરે પાછા ફરવા સક્ષમ બનાવવા માટે વિશેષ પ્રયાસો કર્યા છે. તેમણે કહ્યું કે સરકાર વિદેશમાં રહેતા પોતાના નાગરિકો તેમજ ડાયસ્પોરા સાથેના અમારા સંબંધોને મજબૂત કરવા માટે તમામ જરૂરી પગલાં લેવાનું ચાલુ રાખશે. ઢાકામાં ભારતીય હાઈ કમિશન આપણા 'વંદે ભારત મિશન' અને મુશ્કેલીમાં રહેલા ભારતીય નાગરિકો માટે અન્ય કલ્યાણકારી પ્રવૃત્તિઓમાં મોખરે હતું એ નોંધીને તેમને આનંદ થયો.

રાષ્ટ્રપતિએ કહ્યું કે આ અનોખા વર્ષમાં આપણે જ્યારે મુક્તિ યુદ્ધની સુવર્ણ જયંતિ, બંગબંધુની જન્મ શતાબ્દી અને આપણી મિત્રતાની 50મી વર્ષગાંઠ તેમજ ભારતની આઝાદીની 75મી વર્ષગાંઠની ઉજવણી કરી રહ્યા છીએ, ત્યારે આપણે આપણાં રાષ્ટ્રપિતાઓના સપનાઓને સાકાર કરવા માટે આપણી જાતને ફરીથી સમર્પિત કરવી જોઈએ. આપણા. તેમણે એ બાબતે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે 1971માં લોહી અને બલિદાનથી સર્જાયેલું બંધન ભવિષ્યમાં પણ આપણા રાષ્ટ્રોને એકસાથે બાંધવાનું ચાલુ રાખશે.

**નવી દિલ્હી**
**ડિસેમ્બર 17, 2021**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA's website and may be referred to as the official press release.